૦૨, જાન્યુઆરી ૨૦૨૩

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજુઆત...
# આવતીકાલે ખીરસરા જીઆઈડીસી માટે બીજા ડ્રો નું આયોજન કરવામાં આવશે...

રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ હજારોની સંખ્યામાં ઔદ્યોગીક એકમો સ્થપાયેલ હોય ત્યારે રાજકોટ તથા આસપાસના વિસ્તારના ઔદ્યોગીક એકમોનો વધુ વિકાસ થાય તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરકારશ્રી સમક્ષ રજુઆતો કરી રાજકોટના ખીરસરા ગામ ખાતે નવી જીઆઈડીસી શરૂ કરાવેલ હતી.

જેમાં અગાઉ પ્રથમ ડ્રો માં અરજદારોને પ્લોટની ફાળવણી થયેલ ન હોય અને બાકી રહી ગયેલ હોય તેઓને તાત્કાલીક પ્લોટની ફાળવણી કરવા માટે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્વણ દ્વારા અવાર–નવાર રાજયના મુખ્યમંત્રીશ્રી તથા ઉદ્યોગ કમિશ્નરશ્રી રાહુલ ગુપ્તા સાહેબને લેખિત તથા રૂબરૂ મળી રજુઆતો કરવામાં આવેલ હતી. જેના ફળસ્વરૂપે રાજકોટ ચેમ્બરની માંગણીનો સ્વીકાર થયેલ છે અને ખીરસરા જીઆઈડીસી માટે આશરે ૫૫૦ આસપાસ અરજદારોની અરજીઓ માટે બીજા ડ્રો નું આવતીકાલે તા.૩–૧–૨૦૨૩ ના રોજ ગાંધીનગર ખાતે માનનીય ઉદ્યોગમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં આયોજન કરવામાં આવેલ છે. આમ રાજકોટના ઔદ્યોગીક એકમોને વધુ વેગ મળશે તથા દેશ અને રાજયના અર્થતંત્રને વધુ ઉંચાઈએ લઈ જવામાં સહભાગી બનશે. આથી રાજકોટ ચેમ્બરની માંગણીનો સ્વીકાર કરવા બદલ રાજકોટ ચેમ્બર સરકારશ્રીનો આભાર વ્યકત કરે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.